PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ – ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૫૧/કવા–૦૨/૧૭–૧૮/૮૮૪૯ તા. ૧૧-૧૦-૧૭

રજી. એ.ડી પત્ર

પ્રતિ,
હિતેન્દ્ર મણીલાલ મકાતી,
શ્રીજી છાત્રાલય, વાસાવડ રોડ
ગામ: મોવીયા
વાયા : ગોંડલ,
તા. ગોંડલ, જી. રાજકોટ
મો: ૮૨૩૮૪ ૩૬૧૩૬

વિષય :–નવા ખેતીવાડી જોડાણ બાબત– રીવ્યુ અરજી
સંદર્ભ:– આપની અરજી , તા. ૧૪–૦૮–૧૭ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૫૧/કવા–૦૨/૧૭–૧૮ )

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી ગોંડલ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય પેટા વીભાગીય કચેરી ન.–૧, ગોંડલ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

કેસ નં. : સીજીઆરએફ : ૫૧/ક્વા–૦૨/૧૭–૧૮ કમિટી મીટીંગ: (૧) તા.૧૪–૦૯–૧૭ (૨) તા. ૧૦–૧૦–૧૭ સ્થળ : રાજકોટ

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

**અરજદાર (ફરીયાદી): નામ: હિતેન્દ્ર મણીલાલ મકાતી, ગામ: મોવીયા**

**રજુઆત કરનાર: અરજદાર હાજર રહેલ ન હતા.**

**વિરૂધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : ગ્રામ્ય પેટા વીભાગીય કચેરી ન.–૧, ગોંડલ (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી ગોંડલ)**

**રજુઆત કરનાર : વી.જી.મારકણા – કાર્યપાલક ઈજનેર શ્રી વિભાગીય કચેરી ગોંડલ**

## : હુકમ :

**ફરીયાદ : નવા ખેતીવાડી જોડાણ બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ શ્રી ના માતૃશ્રી સવિતાબેન જમનાદાસ મારવાણીયા ના નામે નવા ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે ની અરજી, જે તા.૨૧–૦૬–૧૧ ના રોજ નોંધાયેલ હતી. તેને અનુસંધાને, પીજીવીસીએલ તરફથી ભાવપત્રક, જે તેમના ૭૮ વર્ષ ના વયોવૃધ્ધ માતૃશ્રી સવિતાબેન જમનાદાસ મારવાણીયા ના નામે તા.૦૨–૦૫–૧૭ ના રોજ ભાવપત્રક અપાયેલ હતુ. ત્યારબાદ,તેઓની ખેતીવાડી ની જમીન નુ વારસાઈ હકક મુજબ વિભાજન થયેલ હોય, નામ બદલી અંગે ની અરજી પીજીવીસીએલ મા તા.૨૩–૦૬–૧૭ ના રોજ હિતેન્દ્ર મણીલાલ મકાતી ના નામે નોંધાવેલ હતી. પરંતુ, ત્યારબાદ પીજીવીસીએલ તરફથી તેઓને આ બાબતે નુ ભાવપત્રક અપાયેલ નથી. વધુમા અરજદારે ગામ નો નમુનો –૧૬ ફોરમ કમિટી સમક્ષ રજુ કરેલ છે. જેમા જણાવ્યા મુજબ, અરજદાર શ્રી હિતેન્દ્ર મણીલાલ મકાતી સર્વે નંબર: ૧૩૯ પૈકી ૨ મા – તેઓના હિસ્સાના સ્વતંત્ર માલીક છે. અને તેમા પોતે બોર કરાવેલ છે. તેમા વીજ જોડાણ મેળવવા માટે ની તેઓએ માંગણી કરેલ છે. તેમજ સબંધીત દસ્તાવેજીક પેપર્સ પીજીવીસીએલ મા આપવા છતા, અમોને ન્યાય મળેલ ન હોય, તેથી અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, સવિતાબેન જમનાદાસ મારવાણીયા ના નામે નવા ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે ની અરજી, જે તા.૨૧–૦૬–૧૧ ના રોજ નોંધાયેલ હતી. તેને અનુસંધાને, પીજીવીસીએલ તરફથી ભાવપત્રક સવિતાબેન જમનાદાસ મારવાણીયા ના નામે તા.૦૨–૦૫–૧૭ ના રોજ ભાવપત્રક અપાયેલ હતુ. સમયમર્યાદા મા ભાવપત્રક ભરપાઈ થયેલ ન હોય, પરંતુ, એક માસ ની વધારાની મુદત અરજદાર દ્રારા માંગણી કરાયેલ હતી. જે મંજુર કરાયેલ હતી. ત્યારબાદ, સવિતાબેન જમનાદાસ મારવાણીયા ની ખેતીવાડી ની જમીન નુ વારસાઈ હકક મુજબ વિભાજન સર્વે નંબર: ૧૩૯ પૈકી ૨ મા થયેલ હોય, નામ બદલી અંગે ની અરજી પીજીવીસીએલ મા તા.૨૩–૦૬–૧૭ ના રોજ હિતેન્દ્ર મણીલાલ મકાતી ના નામે નોંધાવેલ હતી. તે ખેતીવાડી ની જમીન મા હકક પત્રક નં–૬ ના આધારે શ્રી કિર્તીભાઈ મણીલાલ મકાતી પણ વારસાઈ ધોરણે જમીન ના માલીક હોય, પીજીવીસીએલ દ્રારા તેઓની રૂ.૧૦૦/– ના સ્ટેમ્પપેપર પર લેખીત સંમતી માંગવામા આવેલ હતુ. પરંતુ, અરજદાર તરફથી ઉપરોકત માંગવામા આવેલ સંમતીપત્ર રજુ કરાયેલ ન હોવાથી, તેઓને ભાવપત્રક પીજીવીસીએલ દ્રારા અપાયેલ નથી. |

**મુદદા નં.–૩ : : નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |

| | |
|---|---|
| **૩.૧** | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ફરીયાદ ના અનુસંધાને, તેમજ પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતે, ફોરમ કમિટી સમક્ષ થયેલ રજુઆત અન્વયે, તેમજ અરજદાર ના પ્રતિનીધી દ્વારા રજુ કરેલ ગામ નો નમુનો નં–૧૬ નો અભ્યાસ કરતા જણાયેલ છે કે, ખેતીવાડી સર્વે નંબર: ૧૩૯ પૈકી ૨ એ શ્રી હિતેન્દ્ર મણીલાલ મકાતી ના નામની અંગત માલીકી ની જમીન છે. તેથી, તેમા કરાવેલ બોર પર વીજ જોડાણ માંગણી કરાયેલ છે. પરંતુ, અરજદારે રજુ કરેલ હકકપત્રક –૬ નો અભ્યાસ કરતા જણાયેલ છે કે, ઉપરોક્ત જમીન સર્વે નંબર: ૧૩૯ પૈકી અડધી જમીન શ્રી કિર્તીભાઈ મણીલાલ મકાતી ને – તેમજ બાકી ની અડધી જમીન શ્રી હિતેન્દ્ર મણીલાલ મકાતી ને તેઓના માતૃશ્રી સવિતાબેન જમનાદાસ મારવાણીયા તરફથી વારસાઈ હકક મુજબ આપેલ છે. તેથી, જીયુવીએનએલ ના પરીપત્ર નં: જીયુવીએનએલ/ટિક/એજી કને./૨૧૮૯ તા.૨૪–૧૦–૧૩ મુજબ – ફકરા – ગ– મા જણાવ્યા મુજબ કાયદેસર ના વારસદારો નુ રૂ.૧૦૦/– ના નોટરાઈઝ સ્ટેમ્પપેપર પર લેખીત સંમતી આપવાની રહેશે. તે અન્વયે શ્રી કિર્તીભાઈ મણીલાલ મકાતી પાસેથી ઉપરોક્ત રૂ.૧૦૦/– ના નોટરાઈઝ સ્ટેમ્પપેપર પર નો લેખીત સંમતીપત્ર મેળવવો જરૂરી છે. તદઉપરાંત, શ્રીમતી સવિતાબેન જમનાદાસ મારવાણીયાએ રજુ કરેલ ગામનો નમુનો નં–૧૬ તપાસતા – ઉપરોક્ત સર્વે નંબર: ૧૩૯ મા કુલ ૦૩ રીગદાર કરેલ છે, તેવુ બતાવેલ છે. તેથી અરજદાર શ્રી હિતેન્દ્ર મણીલાલ મકાતી ના – ભાઈ શ્રી કિર્તીભાઈ મણીલાલ મકાતી પાસેથી ઉપર જણાવ્યા મુજબ નુ લેખીત સંમતીપત્ર મેળવવુ જરૂરી છે. તે મુજબ નો સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |
| **૩.૨** | અરજદાર શ્રી ને ઉપરોક્ત મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે, અત્રે ના ફોરમ ની જાણકારી હેઠળ, અરજદાર શ્રી દ્વારા તેમના ભાઈ શ્રી કિર્તીભાઈ મણીલાલ મકાતી પાસેથી રૂ.૧૦૦/– ના નોટરાઈઝ સ્ટેમ્પપેપર પર નો લેખીત સંમતીપત્ર પીજીવીસીએલ મા રજુ કર્યા બાદ, દિન–૧૫ મા અરજદાર શ્રી ને ભાવપત્રક આપવાનો , પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા બાબતે નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદદા નં.–૪:**

**હુકમ**

| | |
|---|---|
| **૪.૧** | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતો ને અનુસંધાને, નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૨ મુજબ ની વિગતે પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એચ.પી.કોઠારી)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિણય સાથે આપ સંમંત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.